## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




બેન... આ ટામેટા કરતા ટોમેટો સોસ લઇ લો... એના ભાવ એના એ જ છે...!!

# સે-૨ ડી ખાતે વૃધ્ધ દંપતિને પાડોશી પરિવારે ગડદાપાટુનો માર માર્યો

## તમે તમારુ ઘર ખાલી કરી જતા રહો કહી તોડફોડ કરી આતંક મચાવ્યો

ગાંધીનગર,તા.૧૫

શહેરના સેકટર-૨ ડી ખાતે નિવૃત નાયબ સેકશન ઓફિસર તેમના પત્ની સાથે રહે છે.ત્યારે આ વયોવૃધ્ધ દંપતિ પર પાડોશી પરિવારે હુમલો કરી લાકડી વડે ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ ઘર પર પથ્થરમારો કરી તોડફોડ કરી આતંક મચાવતા સેકટર-૭ પોલીસ મથકે પાડોશી પરિવારના ચાર સભ્યો સામે ફરીયાદ નોંધાવી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ ડી પ્લોટ નં.૧૭૦૬-૨ માં ૬૪ વર્ષિય રણછોડભાઈ ચૌહાણ (સથવારા) પત્ની ચોથીબેન નાનો દિકરો પ્રશાંત અને પુત્રવધુ નિતિ તેમજ પૌત્ર શ્રેય સાથે રહે છે. જયારે મોટો દિકરો મહેન્દ્ર ચૌહાણ સરગાસણ ખાતે રહે છે.જયારે નાનો દિકરો પરિવાર સાથે સાપુતારા ફરવા માટે ગયો છે. જેથી વૃધ્ધ દંપતિ ઘરે એકલા જ છે. ગઈકાલે રાત્રે વૃધ્ધ દંપતિ ઘરે હાજર હતા. તે સમયે પાડોશમાં પ્લોટ નં.૧૭૦૭-૧ માં રહેતા વિરલ દવે એ વૃધ્ધ દંપતિના ઘરની બારી જોર થી ખખડાવી કહેતો હતો કે તુ બહાર નીકળ. જેથી રણછોડભાઈ બારી ખોલીને જોયુ તો વિરલ અને તેના પિતા રાજેશભાઈ આર.દવે વિરલની માતા હસુમતિ બેન તેમજ ભાઈ દર્શિત ગાળાગાળી કરી રહ્યા હતા. જેથી રણછોડભાઈએ ગાળો બોલવાની ના પાડતા વિરલ, તેનો ભાઈ અને પિતા ઉશ્કેરાઈ ગયા હતા.તેઓએ એકઠા થઈ ઘર પર પથ્થર મારો કર્યો હતો. જેથી વડીલ દંપતિના ઘરની બારીના કાચ તુટી ગયા હતા. જેથી વૃધ્ધ દંપતિ ઘરની બહાર નીકળ્યું હતું. જેથી વિરલ કહેવા લાગ્યો કે તારા દિકરા પ્રશાંતને બહાર નીકાળ આજે તેને મારવાનો છે. જેથી ગભરાઈને રણછોડભાઈ દિકરો ઘરે હાજર ન હોવાનું કહ્યું હતું. જેથી ત્રણેય બાપ દિકરાએ એકઠા થઈને રણછોડભાઈને ઘેરી લઈ ગડદાપાટુનો માર મારી કહેવા લાગ્યા કે તમે અહીથી તમારુ મકાન ખાલી કરી જતા રહો અને તરા મોટા દિકરાને પણ બોલાવી લે, આજે તો તેને પણ મારવાનો છે. આ સમયે વૃધ્ધ પતિને માર ખાતા જોઈ ચોથીબેન છોડાવવા વચ્ચે પડ્યા હતા. જેથી ઉંમરનો ખ્યાલ રાખ્યા વિના હસુમતિ બેને ધક્કો મારી નીચે પાડી દઈ મારવાનું શરુ કર્યુ હતું. આ જોઈ વૃધ્ધ રણચોડભાઈ પત્નીને છોડી દેવા આજીજી કરતા રહ્યા હતા. તેમ છતા વિરલ અને દર્શિત રણછોડભાઈને લાકડી વડે મારતા હતા. મકાન ખાલી કરી જતા રહો નહીતર તમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેથી રણછોડભાઈએ તેમના દિકરાને ફોન કરી બોલાવતા દવે પરિવાર ફરાર થઈ ગયો હતો.ઈજાગ્રસ્ત દંપતિને સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાતા આંગળીના ભાગે અને હાથે ફેકચરનું નિદાન થયુ હતું. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

●ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમી અને બફારાનું પ્રમાણ વધતાં સૌ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

●આજે તંત્ર આખો દિવસ વિવિધ બેઠકોમાં વ્યસ્ત રહ્યુ હતું.

●ગાંધીનગર શહેરમાં આજે ટ્રાફિકનું ભારણ ઓછુ રહ્યુ હતુ.

●તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે તેલના ભાવમાં વધારો થતાં ગૃહીણીઓનું બજેટ ખોરવાઈ જવા પામ્યુ છે.

●ગ્રામ પંચાયતોમાં તલાટીઓની હાજરીને લઈ વિકાસ કમિશનરે સરપ્રાઈઝ ચેકિંગ સહિતની સૂચનાઓ આપી કડક તાકીદ અધિકારીઓને કરી છે.

●ગાંધીનગર શહેરમાં ખાડાઓ દુરસ્ત કરવાની કામગીરી મનપાએ વેગીલી બનાવી છે.

●માણસા કોલેજ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે મફત કોચીંગ ક્લાસ શરૂ કરાયા છે.

●બાસણ સરકારી પ્રા. શાળામાં ધો. ૬ થી ૮ ના બાળકો માટે વાર્તાલેખન અંગે સ્પર્ધા યોજાઈ હતી.

●કુડાસણ પ્રા. શાળામાં બાળ સંસદની ચૂંટણી યોજાઈ હતી.

●દહેગામ પોલીસે વરલી મટકાનો જુગાર રમતા એક ઈસમને દબોચી લીધો છે.

●શહેરમાં મેટ્રોરેલના ચાલી રહેલ કામકાજમાં કોઈપણ આગોતરી જાણ કર્યા વગર રાતના સમયે રસ્તાઓ બંધ કરાતાં વાહનચાલકોને પરેશાન થવુ પડે છે.

●ગાંધીનગર શહેર-જિલ્લામાં રસીકરણ અભિયાનને લઈ આજે ડીસ્ટ્રીક્ટ ટાસ્ક ફોર્સની બેઠક યોજાઈ હતી.

●ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખના પી.એ. વી.ટી. સોનીના જન્મ દિવસે સાથી કર્મયોગી મિત્રોએ કેક કાપી જન્મ દિવસની ઉજવણી કરી હતી.

●ગાંધીનગર શહેરની વિવિધ સરકારી કચેરીઓના શૌચાલયોની સફાઈ સામે વધુ એક વખત પ્રશ્નાર્થ ઉભો થયો છે. હવે તો માળ બેસવુ પણ સૌ માટે શિરદર્દ બન્યુ છે.

●ગાંધીનગર જિલ્લામાં એસ.ટી. બસોની અનિયમિતતા સૌની ચર્ચાનો મુદ્દો બન્યો છે.

●ગાંધીનગરમાં આજે પોલીસ બેડામાં પોલીસ ઈન્સ્પેક્ટરો અને પોલીસ સબ ઈન્સ્પેકટરોની બદલીઓ ચર્ચામાં સાંભળવા મળી હતી.

●કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા આજે રાજ્યના તમામ બીએલઓને સેટકોમના માધ્યમથી તાલિમ આપવામાં આવી હતી.

# સંજરીપાર્કમાં ગાડી પાર્ક કરવા મુદ્દે યુવક પર ચાર શખ્સોનો હુમલો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર પેથાપુર સ્થિત સંજરીપાર્ક ખાતે ગાડી પાર્ક કરવા જેવી નજીવી બાબતે એક યુવક પર ચાર શખ્સોએ હુમલો કર્યો હતો. આ હુમલામાં યુવકને ઈજા પહોંચી હતી.જયારે ચાર શખ્સોએ ગાડીના કાચ પણ તોડી નાંખ્યા હતા. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ચાર શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ પેથાપુર સંજરીપાર્ક ખાતે રહેતા અંસાર અહેમદ મોહમંદ મુસ્લીમ શેખ ડ્રાઈવીગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેણે સંજરી પાર્ક ની મસ્જીદ પાસે વેગન-આર કાર પાર્ક કરી હતી. જેથી આ મામલે બે દિવસ પહેલા આ વિસ્તારમાં રહેતા ગબ્બર ઉર્ફે આલમ અને મહોમદ રહીસે આવીને માથાકુટ કરીને ગાડી પાર્ક નહી કરવા માટે જણાવ્યું હતું.આ મુદ્દે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જો કે અન્ય નાગરીકોએ મામલો થાળે પાડ્યો હતો. આ દરમિયાન ગઈકાલે અંસાર શેખ પોતાની કાર લઈને સંજરી પાર્ક પાસેથી પસાર થતો હતો. ત્યારે મોહમંદ રહિશ, મુન્ના ઉર્ફેઅન્નુ, ગબ્બર ઉર્ફે આલમ, તેમજ શાહનવાજે તેને અટકાવી હવે અહી ગાડી કેમ પાર્ક કરે છે તે જોઈએ તેમ કહી ગાળાગાળી કરી તેના પર તુટી પડ્યા હતા. અંસાર પર લોખંડની પાઈપ વડે હુમલો કરવામાં આવતા તેને ઈજા પહોંચી હતી. જયારે ઉશ્કેરાયેલા શખ્સોએ ગાડીના કાચ પર તોડી નાંખ્યા હતા. ત્યારે જીવ બચાવવા માટે અંસાર દોડ્યો હતો. યુવકને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ચાર શખ્સો સામે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## આજે સમસ્ત બ્રહ્મસમાજ કુડાસણ શાખા દ્વારા વિદ્યાર્થી પુરસ્કાર કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૫

સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર, કુડાસણ શાખા દ્વારા વિદ્યાર્થી પુરસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જે તારીખ ૧૬ જુલાઈએ સવારે ૯ કલાકે તુલસીફાર્મ, કુડાસણ-પોર રોડ, પોર, ગાંધીનગર ખાતે યોજાશે.

આ કાર્યક્રમમાં હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાનો હાસ્ય કાર્યક્રમ ૧૦ વાગ્યે યોજાશે.

બપોરે ૧૨ વાગ્યે ભોજન સમારંભનું આયોજન છે.



શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓએ યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં ઉજ્જવળ દેખાવ કરી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યુ છે. બી.એ. સેમ-૨ ની પરીક્ષામાં કુ. પુષ્પા પ્રજાપતિએ યુનિવર્સિટીમાં ૨૬મો રેન્ક, કુ. હિના ચૌધરીએ ૩૬મો રેન્ક અને કુ. સંગીતા ચૌધરીએ ૪૩મો રેન્ક પ્રાપ્ત કર્યો છે. જયારે હોમ સાયન્સમાં કુ. હિના ચૌધરીએ ૩૪મો રેન્ક મેળવી કોલેજનું ગૌરવ વધાર્યુ છે. તેમને શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ ચૌધરી તથા મંડળના તમામ હોદ્દેદારો અને સભ્યો તથા કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. ચૌધરીએ અભિનંદન પાઠવ્યા છે.

# કુડાસણ કાનમ રેસીડેન્સીમાંથી સાયકલની ચોરી

ગાંધીનગર, તા.૧૫

કુડાસણ વિસ્તારમાં આવેલા કાનમ રેસીડેન્સી ખાતે આજે બપોરના સમયે એક શખ્સ સાયકલ ચોરી કરીને જતા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયો છે. જો કે સાયકલ ચોરી અંગે કોઈ ફરીયાદ નોંધાઈ નથી.

મળતી વિગત મુજબ કુડાસણ કાનમ રેસીડેન્સી-૧ ખાતે આજે બપોરના દોઢ વાગ્યાના અરસામાં ફલેટના ગ્રાઉન્ડ ફલોર પર આવે છે.

લીફટની સ્વીચ દબાવી મોબાઈલ ફોન પર આમ તેમ વાતચીત કરી આંટા ફેરા મારતો શખ્સ નજરે પડે છે.

ત્યારબાદ ફરીવાર લીફટબાજુ આવી અચાનક લોક વિના પડી રહેલી છોકરાની સાયકલ ગણતરીના સમયમાં ચોરી કરી પલાયન થઈ જાય છે.જો કે ચોર શખ્સની આ તમામ હરકત કાનમ-૧ રેસીડેન્સીમાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા છે. ત્યારે પોલીસ ટુંક સમયમાં સાયકલ ચોરને પકડી પાડે તો નવાઈ નહી.

# મગોડી પ્રાથમિક શાળા ખાતે ગુણોત્સવ સમીક્ષા-સંકલન બેઠક



ગાંધીનગર, તા. ૧૫

શ્રીમતિ દિનાબેન કનુભાઈ પટેલ પ્રાથમિક શાળા-મગોડી ખાતે ગાંધીનગર તાલુકા અને શહેરના સરકારી/ગ્રાન્ટેડ/ખાનગી શાળાના આચાર્યશ્રીની ગુણોત્સવ-૨.૦ અંતર્ગત સમીક્ષા અને સંકલન બેઠકનું આયોજન જિલ્લા પંચાયત શિક્ષણ શાખા દ્વારા કરવામાં આવ્યું હતું. બેઠકમાં ગત ગુણોત્સવની સમીક્ષા કરવામાં આવી તેમજ આગામી ગુણોત્સવમાં બાળકોના શિક્ષણ કૌશલ્ય વધુમાં વધુ કેળવીને શાળાનું અને તાલુકાનું ઉચ્ચ પરિણામ મેળવે ગ્રેડ પ્રાપ્ત કરે તે માટે માર્ગદર્શન જિલ્લા માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણાધિકારી ભગવાનભાઈ પ્રજાપતિ દ્વારા આપવામાં આવ્યુ હતુ. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી સુધાબેન પટેલ, શાસનાધિકારી ભટ્ટ સાહેબ, બી.આર.સી. પંકજભાઈ પટેલ, બીટ કેળવણી નિરીક્ષક હર્ષદભાઈ પટેલ, ડાયટના પ્રોફેસર સી.સી. પટેલ તથા સ્ટેટ તજજ્ઞ મેહુલભાઈ સુથાર દ્વારા દેરક વિષય બાબતે સુંદર તાલીમ આપવામાં આવી હતી.

# રાંધેજામાં ગેરકાયદેસર પ્લોટ પચાવી પાડનાર ૬ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૫

રાંધેજા ગામની પ્રાથમિક શાળાની પાસે પંચાયતની નં.૧૫-૩૧ વાળી જમીનમાં ફરીયાદીના પરિવારના કોઈ પણ સભ્યને નવીન મકાન બનાવવા માટે પ્રવેશ કરવા દેતા નથી. જયારે મિલકતમાં કોઈપણ પ્રકારનો લાગભાગ હિસ્સો ન હોવા છતા વર્ષ-૨૦૧૯ થી ગેરકાયદેસર રીતે જમીન પર કબ્જો કરી પચાવી પાડવાનો કારસો ઘડતા લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ ૬ વ્યકિત સામે ફરીયાદ નોંધાઈ છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૩ બ્લોક નં.૧૫૫-૧ બી ટાઈપ ખાતે રહેતા કમલેશકુમાર રમેશભાઈ નાગરભાઈ સોલંકી પરિવાર સાથે રહે છે. જયારે પાટનગર યોજના વિભાગમાં જુનીયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે. જેઓ પાંચ ભાઈ હતા જેમાં એક ભાઈ મરણ ગયેલ છે. ગત તા.૨૮-૧૨-૨૨ ના રોજ રાંધેજા પંચાયત મિલકત નં.૧૫-૩૧ (૧૮૫.૮૬ ચો મી) વાળી જમીન તકરાર અંગે ચીમનભાઈ નાગરભાઈ દંતાણી, જીવતબેન ચીમનભાઈ દંતાણી, રાજેશ ચિમનભાઈ દંતાણી, અજીત ચિમનભાઈ દંતાણી, ભાવના અજીતભાઈ દંતાણી અને પ્રકાશ ચિમન દંતાણી સામે ગેરકાયદેસર જમીન પચાવી પાડવા અંગે લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ અરજી કરી હતી. રાંધેજા ગામના આ પ્લોટના મુળ માલિક શંભુભાઈ રણછોડભાઈના મૃત્યુ પછી તેમના દિકરા નાગર શંભુભાઈ અને મંગાભાઈ શંભુભાઈ વચ્ચે અડધા અડધા ભાગે પ્લોટની વહેંચણી કરી હતી. જેમાં પૂર્વ દિશાનો પ્લોટ મંગાભાઈ શંભુભાઈ અને પશ્ચિમ દિશાનો ભાગ નાગરભાઈ શંભુભાઈના ભાગે આવ્યો હતો. વડીલોની હાજરીમાં તા.૭.૧૧.૬૭ ના રોજ સ્ટેમ્પ પેપર પણ લખાણ કર્યુ છે. જેથી ફરીયાદીના દાદા નાગરભાઈના ભાગે આવેલા પશ્ચિમ દિશાના પ્લોટની વહેચણી કરવામાં આવી હતી. નાગરભાઈને બે પત્ની હોવાથી મિલકત બે ભાગમાં વહેચણી કરી હતી. જેમાં ઉગમણી જમીનનો ભાગ નવી પત્નીના અને આથમણી બાજુનો ભાગ જુની પત્નીના વારસદારોના ભાગે આવ્યો હતો. જેથી ગેરકાયદે પ્લોટ પર કબ્જો જમાવી પચાવી પાડવાનો કારસો ઘડનાર ૬ વ્યકિત સામે ફરીયાદ નોંધાઈ છે.

### ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા

# યુનિફોર્મ સિવિલ કોડ વિષય પર વ્યાખ્યાન યોજાયું



ગાંધીનગર, તા.૧૫

ભારતીય વિચાર મંચ ગાંધીનગર દ્વારા યુનિફોર્મ સિવિલ કોડ વિષય પર ૧૪ જુલાઈ શુક્રવારે, વિદ્યાભારતી પ્રશિક્ષણ કેન્દ્ર, ગાંધીનગર ખાતે વ્યાખ્યાન યોજાયું હતું.જેમાં મુખ્ય વક્તા તરીકે ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના આસિસ્ટન્ટ પ્રોફેસર અને એક્સ્ટર્નલ રિલેશનના હેડ ડૉ.નિયતિ પાંડે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૯૫ જેટલા પ્રબુદ્ધ લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભમાં ભારતીય વિચાર મંચ ગાંધીનગર કેન્દ્રના અધ્યક્ષ મહેશભાઈ લાડ એ વક્તાનું પુસ્તક આપીને સ્વાગત કર્યું હતું. વક્તા એ પોતાના બૌદ્ધિક દરમિયાન મુગલ શાસન થી બ્રિટિશ શાસન અને અત્યારે સ્વતંત્ર ભારતમાં જ્ઞાતી આધારિત પરિવારમાં વિસંગતતા અને લગ્ન, છૂટાછેડા, હકદાવો, વારસાઈ, મિલકતની વેચણી જેવા જટિલ વિષયો માટે સમાન કાયદાની આવશ્યકતા વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ ઉપરાંત દરેક ધર્મના લોકો અને ખાસ કરીને મહિલાઓ ઉપર આ કાયદાની અસર તેમજ વર્તમાન સમયમાં સમાન કાયદાની જરૂરિયાત પર પોતાનું ચિંતન રજુ કર્યું હતું. ત્યારબાદ શ્રોતાઓના પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા. કાર્યક્રમના અંતે ગાંધીનગર કેન્દ્રના મંત્રી અભિષેક બારડે સૌનો આભાર વ્યક્ત કર્યો અને ત્યારબાદ સૌ વંદે માતરમનું ગાન કરીને છુટા પડ્યા હતા.

## દિગંબર જૈન મુનિ કામકુમાર નંદીની કર્ણાટકમાં થયેલી હત્યાનો પેથાપુર જૈન સમાજે સખ્ત વિરોધ નોંધાવ્યો



ગાંધીનગર,તા.૧૫

પ. પુ.૧૦૮ આચાર્ય શ્રી કુંથુસાગરજી મહારાજ ના પરમ શિષ્ય આચાર્યશ્રી કામકુમાર નંદી ની કર્ણાટક માં ૫ જુલાઈ -૨૩ ના રોજ નિર્મમ હત્યા કરી તેમના શરીર ના ટુકડા કરી ભયંકર કૃત્ય કરેલ છે. જેને પેથાપુર જૈન સમાજ સખ્ત શબ્દોમાં વખોડી ઊંડા શોકની લાગણી પ્રગટ કરી વિરોધ નોંધાવે છે. મહારાજશ્રી ના આત્માની સદગતિ અને શાંતિ માટે તા.૧૪-૦૭-૨૦૨૩ ને શુક્રવારે રાત્રે ૮-૩૦કલાકે શ્રી પાર્શ્વનાથ દિગંબર જૈન ચૈત્યાલય, સ્વપ્ન વીલા -૩, પેથાપુર માં પેથાપુર જૈન સમાજના તમામ શ્રાવકો હાજર રહી ણમોકાર મંત્ર ના જાપ કરી પ્રભુ પ્રાર્થના કરી, જૈન સમાજ ને જાગૃત થવા અને એકજુટ થવા હાકલ કરવા માં આવી.તથા કાળધર્મ પામેલ ૧૦૮ મુનિશ્રી રવિનંદી મહારાજ ના આત્મ શાંતિ માટે પણ પ્રાર્થના કરવામાં આવી.

### પાટણ એ.પી.એમ.સી. હોલ

# નવા ગંજબજાર ખાતે સાંસદશ્રી ભરતસિંહજી ડાભીને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં સ્થાન




ગાંધીનગર,તા.૧૫

વિના મૂલ્યે મોટર ડ્રાઈવિંગ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલા તાલીમાર્થીઓ તાલીમ લેવા જોડાયા હતા.આત્મનિર્ભર નારી અંતર્ગત "વિનામૂલ્યે મોટર ડ્રાઈવિંગ તાલીમ" એ સમગ્ર ભારતમાં સૌ પ્રથમવાર પાટણ સાંસદશ્રી દ્વારા આટલી વિશાળ સંખ્યામાં પાટણ લોકસભા મતવિસ્તારની નારી શક્તિને આત્મનિર્ભર કરવાના આશયથી આ અભિયાનનો શુભારંભ કરાવ્યો છે. આત્મનિર્ભર નારી અંતર્ગત "વિનામૂલ્યે મોટર ડ્રાઈવિંગ તાલીમ"માં ૫૫૦થી વધુ મહીલાઓએ આ નવતર અભિયાનમાં નોધણી કરાવેલ છે. આ નવતર અભિયાનમાં ત્રણ તબક્કા વાર વિના મુલ્યે તાલીમ આપવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૨૦૦ મહિલાઓને તાલીમ આપવામાં આવશે ત્યારબાદ બાકી રહેતી મહિલાઓને બે તબક્કામાં તાલીમ આપીને આત્મનિર્ભર કરવામાં આવશે. પોતાના મતવિસ્તારની મહિલાઓ આત્મનિર્ભર બને અને મહિલા સશક્તિકરણની દિશામાં આગળ વધે અને પોતાના પરિવાર તેમજ સમાજને મદદરૂપ થઈ શકે. સમગ્ર ભારતમાં પોતાના સંસદીય મતવિસ્તારની મહિલાઓને આત્મનિર્ભર કરવાના પ્રયત્ન બદલ માન. સાંસદશ્રી ભરતસિંહજી ડાભીને "વર્લ્ડ બુક્સ ઓફ રેકોર્ડસ - લંડન" સંસ્થા દ્વારા સન્માનિત કરવામાં પણ આવ્યા હતા.